જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૨/૨૦૧૬ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૪/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી ૧૪૫ લીટર દેશી દારૂ અને ૨ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૨૮,૦૭૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૫/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૬/૧૬**

**ઘાટલોડીયાઃ** આઇવી સોમ્યજીતસેન ગુપ્તા (ઉ.વ.૩૨) (રહે.સીંમધર કોમ્પલેક્ષ પ્રભાતચોક ઘાટલોડીયા) તા.૬/૨/૧૬ બપોરના ૪/૧૫ વાગ્યાના સુમારે કે.કે.નગર અભીનંદન સોસાયટી નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ આઈવી ગુપ્તાના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ આઈવી ગુપ્તાએ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ શ્રી બી સી જાડેજા ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૬૭/૧૬**

**સોલા હાઈકોર્ટઃ** રશ્મિબહેન પાર્થ પાર્થિવ (રહે.કુમકુમ બંગલોઝ થલતેજ શીલજ રોડ શ્યામવિહાર બંગલોઝની સામે થલતેજ) એ તા.૬/૨/૧૬ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨/૧૧/૧૫ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે રવીજાપાર્ક શીલજ રોડ દવાખાના નજીક પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી સોના-હીરાના દાગીના કિમત રૂપિયા ૧,૧૦,૦૦૦/- અને જરૂરી દસ્તાવેજની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી પી કે અસોડા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૬૮/૧૬**

**રિવરફ્રંટ ઈસ્ટઃ** નિલેશભાઈ અશ્વિનભાઈ વાળંદ (ઉ.વ.૩૦) (રહે.વાળંદવાસ નરોડા) એ અગમ્ય કારણસર તા.૬/૨/૧૬ બપોરના ૩/૩૦ વાગ્યા પહેલા સુભાષબ્રીજ ઉપરથી નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.પ્રવિણભાઈ અરખાભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)